ઑગસ્ટ 2024 માં નિર્મિત
સમીક્ષાની તારીખ: ઑગસ્ટ 2027


# નિયમિત ચકાસણીઓ

## વાંચવામાં સરળ સંસાધન

આ સંસાધન બહુવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે. વધુ માહિતી માટે તમારા મિડવાઇફને પૂછો

Sussex Local Maternity & Neonatal System

# નિયમિત ચકાસણીઓ



ચકાસણીઓ તમને અને તમારા શિશુને સ્વસ્થ રાખે છે.

તમે ગર્ભવતી છો એવું અમને જણાવો ત્યારથી તમારી ચકાસણીઓ શરુ થશે.

આ સામાન્યપણે તમારા મિડવાઇફ દ્વારા હાથ ધરવામાં આવશે. તમારા મિડવાઇફ તમારી અને તમારા શિશુની કાળજી લેવા માટે ઉપલબ્ધ છે.




તમે તમારા મિડવાઇફ પાસે તપાસ માટે જાઓ તે દરેક વખતે થોડી ચકાસણીઓ થશે.

આ ચકાસણીઓ છે:
- તમારો રક્તદાબ
- તમારો પેશાબ
- તમારું બાળક કેટલી વૃદ્ધિ પામી રહ્યું છે.




Sussex Local Maternity & Neonatal System

# નિયમિત ચકાસણીઓ




તમારા મિડવાઇફ તમારું વજન તપાસવા પણ કહેશે. આ તમે સ્વસ્થ રહો તેની ખાતરી કરવામાં મદદ કરે છે.

તમે ના પાડી શકો છો.



તમારે માટે રક્ત પરીક્ષણો પણ કરવામાં આવશે.

જો તમે આ બાબતે ચિંતિત હોવ તો તમારા મિડવાઇફ સાથે વાત કરો.



પરીક્ષણો આ બાબતોની ચકાસણી કરવામાં મદદ કરી શકે છે:

- પ્રી-એક્લેમ્પ્સિઆ
- ગર્ભકાળ દરમ્યાન ડાયબીટિઝ
- એનીમિઆ (લોહતત્ત્વની ઊણપ)




Sussex
Local Maternity &
Neonatal System

# નિયમિત ચકાસણીઓ



જો તમારા પરીક્ષણો બતાવે કે તમને કોઈ સ્વાસ્થ્ય સંબંધિત સ્થિતિઓ છે, તો તમને વધારાની કાળજી અને ટેકો મળશે.



પ્રી-એક્લેમ્પ્સિઆ એ એક સ્વાસ્થ્ય સમસ્યા છે જેનાથી ઊચ્ચ રક્તદાબ થાય છે.


તે તમારા અને તમારા શિશુ માટે ભયજનક હોઈ શકે છે. તે તમે જ્યારે તમારી ગર્ભાવસ્થાના બીજા અડધા ભાગમાં હોવ ત્યારે થઈ શકે છે.

જો તમને પ્રી-એક્લેમ્પ્સિઆ હોય, તો તમારે પોતાને અને તમારા શિશુને સલામત રાખવા માટે વધારાની ચકાસણીઓ કરાવવાની રહેશે.




Sussex Local Maternity & Neonatal System

# નિયમિત ચકાસણીઓ



ગર્ભકાળ દરમ્યાન ડાયબીટિઝ એટલે જ્યારે તમારા રક્તમાં શર્કરાનું પ્રમાણ ઘણું વધારે હોય.

તમને તમારા રક્તમાં શર્કરાનું પ્રમાણ નીચું લાવવા દવાની જરૂર પડી શકે.



એનીમિઆ એટલે જ્યારે તમે પૂરતી માત્રામાં સ્વસ્થ લાલ રક્ત કોષો ન ધરાવતા હોવ.


આ તમને થાકેલા હોવાનો અનુભવ કરાવી શકે.

તમારા ડૉક્ટર તમને મદદ માટે લોહતત્ત્વની ટેબ્લેટ્સ આપે તેવું બને.



Sussex Local Maternity & Neonatal System

# નિયમિત ચકાસણીઓ




તમારું શિશુ કેવી રીતે વૃદ્ધિ પામે છે અને સ્વસ્થ કેવી રીતે રહી શકાય તે વિશે નીચેની લિંક ક્લિક કરીને વધુ જાણકારી મેળવો.


જો તમને ઇન્ટરનેટ સુગમ ન હોય તો તમને પાનાં પ્રિન્ટ કરી આપવા તમારા મિડવાઇફને કહો.

[nhs.uk/pregnancy/week-by-week](https://www.nhs.uk/pregnancy/week-by-week)



Sussex
Local Maternity &
Neonatal System

# નિયમિત ચકાસણીઓ





તમે નીચેના નંબરોમાંથી એક પર કૉલ કરીને મદદ અને વધુ માહિતી મેળવી શકશો. તમારે કઈ હૉસ્પિટલને કૉલ કરવો જોઈએ તે વિશે તમારા મિડવાઇફને પૂછો.

- Conquest Hospital, St Leonards (કોન્ક્વેસ્ટ હૉસ્પિટલ, સેન્ટ લીઓનાર્ડ્સ)
  0300 131 4500

- Eastbourne District General Hospital (ઇસ્ટબૉર્ન ડિસ્ટ્રિક્ટ જનરલ હૉસ્પિટલ)
  0300 131 4500

- Royal Sussex County Hospital, Brighton (રોયલ સસેક્સ કાઉન્ટી હૉસ્પિટલ, બ્રાઇટન)
  01273 696955

- Princess Royal Hospital, Haywards Heath (પ્રિન્સેસ રોયલ હૉસ્પિટલ, હેયવર્ડ્સ હીથ)
  01444 441881

- St Richard's Hospital, Chichester (સેન્ટ રિચર્ડ્સ હૉસ્પિટલ, ચિચેસ્ટર)
  01243 788122

- Worthing Hospital (વર્થિંગ હૉસ્પિટલ)
  01903 205111

- East Surrey Hospital (ઇસ્ટ સરે હૉસ્પિટલ)
  01737 768511

# નિયમિત ચકાસણીઓ

**તમને ગર્ભાવસ્થા દરમ્યાન ટેકો આપવા માટે વધુ માહિતી માટે, કૃપા કરી અહીં જુઓ:**

પ્રી-એક્લેમ્પ્સિઆ વિશે માહિતી - NHS
nhs.uk/conditions/pre-eclampsia

ગર્ભકાળ દરમ્યાન ડાયબીટિઝ વિશે માહિતી - NHS
nhs.uk/conditions/gestational-diabetes

એનીમિઆ વિશે માહિતી - NHS
nhs.uk/conditions/iron-deficiency-anaemia

ગર્ભાવસ્થા સંબંધિત જટિલતાઓ - ટોમીઝ
tommys.org/pregnancy-information/complications

જો તમને ઇન્ટરનેટ સુગમ ન હોય તો તમે તમારા મિડવાઇફને ઉપરની કોઈપણ લિંકમાંની માહિતી પ્રિન્ટ કરી આપવા કહી શકો છો.



Sussex
Local Maternity &
Neonatal System